બુકસ્ટાર્ટ

PEARSON

booktrust

# તમારા બાળક સાથે બેસીને વાંચવું



પ્રસ્તાવના:

Jacqueline Wilson

Gujarati Edition

આ પુસ્તક સામગ્રી પીઅર્સન નામની એક શૈક્ષણિક અને પુસ્તકોનું પ્રકાશન કરતી કમ્પની તરફથી તમારા બાળક માટે ભેટરૂપે અપાઈ છે. બુકટ્રસ્ટ નામની એક સ્વતંત્ર ધર્માદા સંસ્થાના સમાગમમાં ૨૦૦૬માં બાળકોને વાંચનનો આનંદ માણવા માટે પ્રોત્સાહન આપવાના આશયથી બુકટાઈમની સ્થાપના થઈ હતી.

વધુ માહિતી માટે પુસ્તકના
પાછળના પાના પર જુઓ.



# સાથે બેસી પુસ્તકો વાંચવાં



તમે હવે કદાચ થોડાઘણા સમયથી તમારાં બાળકો સાથે બેસી પુસ્તકો વાંચતાં હશો.

- બાળક સાથે બેસી પુસ્તક વાંચવામાં ખૂબ મજા પડે છે. તે સમય બાળક સાથે નીકટતા કેળવવાનો, હસવાનો અને વાતો કરવાનો છે.

- તેમાં બધાંને સંડોવી શકાય તો સારું - ભાઈબહેનો, દાદાદાદી અને નાનાનાનીને - તમારા કુટુંબમાં જે કોઈ મહત્ત્વનાં હોય તે બધાં લોકોને.



જ્યારે હું નાની હતી, ત્યારે મારી વસ્તુઓમાં પુસ્તકોનું સ્થાન સર્વશ્રેષ્ઠ હતું. દરેક પુસ્તક હું વાંચતી, ફરીફરી વાંચતી, અને વાંચતાં વાંચતાં વાર્તાનાં પાત્રોની સાથે ભળી જાય તેવી નવી વાર્તાઓ બનાવતી.



જ્યારે કોઈ પ્રૌઢ વ્યક્તિ બાળકની સાથે બેસી તેને ફક્ત આનંદ માટે જ વાર્તા વાંચી સંભળાવે ત્યારે તો વળી બન્નેને કંઈ ઑર જ મજા આવે.

હું માતાપિતા અને બાળકોની સંભાળ લેનારાંને ખાસ ભલામણ કરું છું કે બાળકો જાતે વાંચી શકે ત્યારપછી પણ ઘણા લાંબા સમય સુધી તેમને તેઓ મોટેથી વાંચી સંભળાવવાનું ચાલુ રાખે. જો તમે બાળકોને વાંચી સંભળાવશો અને જો તેઓ તેમાં જકડાઈ જશે, તો માની લેજો કે એ જીવનભરના વાચકો બની ગયાં છે.







જેકેલીન વિલ્સન, ચિલ્ડ્રન્સ લોરીએટ (૨૦૦૫-૦૭)

# અમુક પ્રશ્નોના જવાબો

## મારું બાળક તેના માટે અઘરું હોય તેવું પુસ્તક ચૂંટે તો મારે શું કરવું?

તમે તેમાંથી થોડું કંઈ વાંચી શકો છો અને તેમાં આપેલા વિચારો અને ચિત્રો વિશે વાત કરી શકો છો.
જો તમે બાળકોને મોટેથી વાંચી સંભળાવશો તો તેમને વધુ અઘરાં પુસ્તકો પણ ગમશે.



## હું યોગ્ય પુસ્તક કેવી રીતે શોધું?

- તમારું બાળક શું કહે છે તે સાંભળો અને જુઓ કે તેને કેવાં પુસ્તકો ગમે છે.
- શું વાંચવું તે જાણવા માટે બીજાં માતાપિતા અને તમારા બાળકના શિક્ષકની સલાહ લો.
- કયાં પુસ્તકો વાંચવાનું સૂચન કરવામાં આવી રહ્યું છે તે જાણવા માટે લાઈબ્રેરીઓમાં, પુસ્તકોની દુકાનોમાં અને વેબસાઈટો ઉપર જુઓ.

## હું સમય ક્યાંથી કાઢું?

દિવસના દસ કે વીસ મિનિટો માટે કે અઠવાડિયામાં ક્યારેક ક્યારેક પુસ્તક માટે સમય ફાળવી શકો તો ય ઘણું છે.



## મારા બાળક સાથે મારી પોતાની ભાષામાં વાંચી સંભળાવવું યોગ્ય છે?

ઘરમાં બોલાતી ભાષામાં વાર્તાઓ અને જોડકણાં સાંભળવા બાળકો માટે એક લહાવો છે. બે ભાષાઓમાં બોલવું કે વાંચવું પ્રૌઢો કરતાં બાળકો માટે વધુ સહેલું હોય છે.

## વાંચવાનું શીખવામાં બીજાં બાળકો કરતાં મારું બાળક શા માટે વધુ લાંબો સમય લે છે?

ઘણાંખરાં બાળકો ચાર અને સાત વર્ષની ઉમર વચ્ચે વાંચતાં શીખે છે, પણ આમ જોઈએ તો બાળકો જુદાજુદા દરજ્જે વાંચતાં શીખે છે. મહત્ત્વનું તો એ છે કે તેમને ખબર પડે કે પુસ્તકો વાંચવામાં મજા પડે છે.



# યાદ રાખવા જેવી અમુક બાબતો



વિવિધતા ઈચ્છનીય છે. તમારા બાળકને જે વસ્તુમાં રસ હોય તે વિશે વાંચવા માટે પ્રોત્સાહન આપો. આમાં કોમિકો, ચોપાનિયાં, જોક્સનાં પુસ્તકો, કવિતા અને પાળેલાં પ્રાણી કે રમતગમત વિશેનાં પુસ્તકો પણ હોઈ શકે.

તમારું બાળક તમને વાંચતાં જોઈ શકતું હોય તો સારું - પુસ્તકો, પત્રો અને ઈમેલથી માંડીને રસોઈની વાનગીઓનાં પુસ્તકો કે પછી છાપાં કે ચોપાનિયાં જે કંઈ હોય.



સ્કૂલેથી બાળક જે કોઈ પુસ્તક લાવે તે જોવા માટે સમય ફાળવો અને તમારા બાળકનાં મનગમતાં પુસ્તકો તેની સાથે બેસીને માણો.



# સૂતી વખતે વાંચવાનાં પુસ્તકો



સૂતી વખતે તમારા બાળક સાથે વાર્તાઓ વાંચવામાં કોઈ ઔર જ મજા છે.

- હજુ એક બીજી વાર્તા વાંચવાનું તેમને તમે વચન આપ્યું હોય કે આગલી રાતની વાર્તા પૂરી કરવાની હોય તો બાળકો સૂવાના સમય માટે આતુરતાથી રાહ જુએ છે.

- સૂતી વખતે વાંચેલી વાર્તાઓથી બાળકોમાં સલામતી અને પ્રેમની ભાવના ઊભી થાય છે.

- સૂતી વખતે વાંચેલાં પુસ્તકો જ્યારે આપણે મોટાં થઈએ ત્યારે આપણને યાદ રહી જાય તેવાં મીઠાં સંભારણાં બની રહે છે.

- આખું કુટુંબ જો આમાં સંડોવાય તો એથી પણ વધુ સારું - તો બાળકોને ખ્યાલ આવે કે વાર્તાઓ અને વાંચન કેટલાં અગત્યનાં છે.



# તમારા બાળક સાથે બેસીને પુસ્તક વાંચવું

સહિયારું

- સાથે બેસી ને વાંચવા માટે એક ખાસ સમય અને જગ્યા રાખો.
- જ્યાં જ્યાં હસવા જેવી વાત આવતી હોય ત્યાં ભેગાં મળીને હસવાનું માણો.
- ચિત્રોમાં શું થઈ રહ્યું છે તે વિશે વાત કરો. આનાથી તમારા બાળકને વાર્તામાં શું થઈ રહ્યું છે તે સમજાશે.
- પુસ્તકને જીવંત બનાવવામાં મદદ કરો - તમારા બાળકનાં મનગમતાં પાત્રોનાં ચિત્રો દોરો અને તેમના વિશે નવીનવી વાર્તાઓ બનાવો.

પીઅર્સન, બુકટ્રસ્ટ અને બાળકોનાં પુસ્તકો વિશે વધુ જાણવા માટે અહીં અમુક ઉપયોગી વેબસાઈટો આપેલી છે

booktime.pearson.com
www.puffin.co.uk www.penguin.co.uk
www.pearson.com www.longman.co.uk
www.booktrusted.com www.booktrust.org.uk

આભાર દર્શનઃ
જેકેલીન વિલ્સન, ચિલ્ડ્રન્સ લોરીએટ (૨૦૦૫-૦૭) લીનલી ડોડ (૨૦૦૬) અને એલન અહલબર્ગ (૨૦૦૭) - તેમનાં પુસ્તકોની ભેટ માટે
જેરલ્ડીન ટેય્લર, લેખક ટોની રોસ, ચિત્રકાર વેન્ડી ફૂલીંગ, સલાહકાર મંત્રા લિન્ગ્વા, અનુવાદો માટે

PEARSON
booktrust